સુવિચાર
માતા-પિતા સંતાનોના જન્મ-ઉછેર માટે જે દુઃખ સહન કરે છે તેનો સેંકડો વર્ષે પર બદલો વાળી શકાતો નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૮/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.





ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ શ્રાવણ સુદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૨૧૦



પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૧૭-૦૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦

■ કીડની


■ પ્રોસ્ટેટ

■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦


## મંત્રી કુંવરજીભાઈ બાવળિયાનાં અધ્યક્ષ સ્થાને ધ્વજવંદન, સન્માન સમારંભ યોજાયો

# બગસરા મુકામે જિલ્લા કક્ષાનાં ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ દિનની ઉજવણી સંપન્ન

**માર્ચ-૨૦૨૫ સુધીમાં રાજયમાં ૧૭ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ : મંત્રી**

**વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિ કૃતિના માધ્યમથી દેશભક્તિની ગાથા રજૂ કરી**

**બગસરાનાં વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂા. ૨૫ લાખનું અનુદાન**

**વિવિધ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર જુદી-જુદી કચેરીઓના અધિકારી-કર્મચારીઓ, ખેલાડીઓ, અંગદાતાઓનું સન્માન**










અમરેલી, તા. ૧૬

૭૮માં સ્વાતંત્ર્ય પર્વ – સ્વાતંત્ર્ય દિનની જિલ્લા કક્ષાની ઉજવણી બગસરા ખાતે રાજય સરકારના જળસંપતિ અને પાણી પુરવઠા, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને સંપન્ન થઈ હતી. બગસરા સ્થિત મેઘાણી હાઈસ્કુલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મંત્રીએ ધ્વજવંદન કર્યુ હતુ. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મભૂમિ બગસરાની ધરતી પરથી નાગરિકોને સ્વાતંત્ર્ય દિનની શુભેચ્છાઓ પણ મંત્રીએ પાઠવી હતી. મંત્રીએ વિદ્યાર્થીઓ અને નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

સ્વાતંત્ર પર્વ નિમિત્તે મંત્રીએ પ્રેરક ઉદ્‌બોધનમાં કહ્યુ કે, આઝાદીની આહલેકમાં ગુજરાતની

અનુસંધાન પાના ૬ ઉપર


## પતિ-પત્ની અને ૨ બાળકો સુઈ ગયા બાદ બાબરાનાં વાવડા ગામે પિતા સાથે ગુમ થયેલ બાળકનો મૃતદેહ ટાંકીમાંથી મળી આવ્યો

**સ્થાનિક પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૧૬

બાબરા તાલુકાના વાવડા ગામે જીતેન્દ્રભાઈ ભીખાભાઈ ઝાલાવાડીયાની વાડીમાં રહેતા અને મુળ દાહોદ પંથકના વતની મનિષાબેન રાકેશભાઈ બામણીયા તથા તેના પતિ રાકેશભાઈ તથા તેના બન્ને બાળકો સાથે ગત તા. ૧૪ ના રાત્રીના આશરે દશેક વાગ્યે પોતે ભાગ્યુ રાખેલ વાડીએ સુતા હોય અને બીજા દિવસે તા. ૧૫ ના રોજ સવારના પાંચેક વાગ્યાના અરસામાં

અનુસંધાન પાના ૬ ઉપર



પવિત્ર શ્રાવણ માસ નિમીતે અમરેલીના માનવંતા ગ્રાહકો માટે
મેગા એક્ષચેન્જ ઓફર
તારીખ 6-8-2024 થી 2-9-2024 સુધી...
કોઈપણ કંપનીનું જુનું ફ્રીઝ, વોશીંગ મશીન તથા ઘરઘંટી એક્ષચેન્જ કરાવી
₹3000 સુધી ફાયદો મેળવો
SAMSUNG LG BOSCH BPL IFB NATRAJ Kelvinator MITSUBISHI ELECTRIC
₹ 10,000 ની ખરીદી પર સોનાની ફ્રી ગીફ્ટ

SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન: ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૧૯૭૦૧૪૦૦૦



પવિત્ર શ્રાવણ માસમાં ખાસ
ફરાળી આઈસ્ક્રીમ
Sheetal

73000 51000



શુભઆરંભ સ્કીન ઓપીડી સોમવારથી ગોળ હોસ્પિટલમાં
હવે... અમરેલી ગોળ હોસ્પિટલમાં સ્કિનની સારવાર ઉપલબ્ધ


Dr Raj Patolia
MBBS, MD (Skin)
સમય : દરરોજ બપોર પછી ૫:૦૦ વાગ્યા થી સાંજના ૮ :૦૦ વાગ્યા સુધી
વધુ માહિતી માટે સંપર્ક કરો
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
Mobile : 99789 66629
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL

ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો જેવા કે ધાધર, ખરજવું, ખસ, ચેપી રોગો, એલર્જી, શીળસ, ગૂમડાં, રસી વગેરેનું નિદાન તથા સારવાર .
- ચેહરા પર દાગ, કાળા ડાઘ, આંખના કુંડાળા, મોઢામાં ચાંદી વગેરેનું નિદાન તથા સારવાર.
- તમામ ખીલ, ખીલના ડાઘ તેમજ ખીલના ખાડાની સારવાર.
- નખને લાગતા તમામ રોગોનું નિદાન તેમજ સારવાર.
- વાળને લાગતા રોગો જેવા કે વાળ ખરવા, ટાલ પડવી, ઊંદરી થવી, માથાની ધાધર, ખોળો, જૂ પડવી નું નિદાન તથા સારવાર.
- નખને લાગતા રોગ જેવા કે નખની ધાધર, બટકતા નખ, નખમાં રસી ભરાવા સોરિયાસિસ વગેરેની તપાસ તથા સારવાર.
- અન્ય રોગો જેવા કે સોરિયાસીસ, સફેદ ડાઘ, ચેપી તથા સદા મસા, કપાસી, વગેરેની સારવાર.
- રક્તપિત, જાતીય રોગો વગેરેની તપાસ, ચોકસ નિદાન તેમજ સારવાર.

### મકાનનું કામ ચાલતું હોય પાણી છાંટતા હોય

# સાવરકુંડલાની પંચવટી સોસાયટીમાં રહેતા વૃધ્ધનું ઈલેકટ્રીક શોર્ટ લાગતા મોત

### સ્થાનિક પોલીસમાં સત્તાવાર જાહેર થયું

અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા તાલુકાના રામગઢના વતની અને હાલ સાવરકુંડલા પંચવટી સોસાયાટીમાં રહેતા દેવચંદભાઈ ગોવિંદભાઈ કથીરીયા નામનાં ૭૫ વર્ષિય વૃધ્ધ તા. ૧૫ના રોજ સવારના ૯ વાગ્યે રામગઢ ખાતે પોતાની વાડીએ મકાનનુ કામ ચાલતુ હોય અને ઈલેકટ્રીક મોટર દ્વારા પાણી છાંટતા હોય. જેથી ઈલેકટ્રીક શોર્ટ લાગતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### પશ્ચિમ બંગાળ અને જુનાગઢની ઘટનાને લઈને રોષ

# અમરેલી જિલ્લાનાં તમામ તબીબો આજે ૨૪ કલાક સુધી હડતાલ રાખી વિરોધ વ્યકત કરશે

### એલોપેથીક, આયુર્વેદિક અને હોમિયોપેથીક તબીબો કામકાજથી દૂર રહેશે

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લાનાં એલોપેથીક, આયુર્વેદિક અને હોમિયોપેથીક સહિત તમામ તબીબો શનિવાર સવારે ૬ થી રવિવાર સવારનાં ૬ સુધી પશ્ચિમ બંગાળ અને જુનાગઢ ખાતે થયેલ તબીબો સાથેનાં વર્તનનાં વિરોધમાં હડતાલ પર રહેશે. જો કે તાત્કાલિક સારવાર શરૂ રાખશે.

આ અંગે ઈન્ડિયન મેડિકલ એસોસીએશનનાં પ્રમુખ ડો. જી.જે. ગજેરાએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળ માં તબીબ સાથે જઘન્ય ગુન્હો કરવામાં આવ્યો હોય તેમજ જુનાગઢનાં તબીબ ઉપર હુમલો થયો હોય તેના વિરોધમાં ૨૪ કલાક સુધી જિલ્લાનાં તબીબો હડતાલ પર રહેશે અને બન્ને બનાવનાં આરોપીઓને કડક સજા આપવાની માંગ કરેલ છે.

### ઘરેલું ઝઘડાઓનો સુખદ અંત લાવીને સંસાર તૂટતાં બચાવ્યો

# ભૈ વાહ : અમરેલીનાં મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા એકી સાથે ૪ દંપતિઓનો સંસાર પુનઃ સ્થાપિત કરાયો

### આધુનિક યુગમાં પતિ અને પત્ની વચ્ચે સંવાદિતતા જરૂરી બની



અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લાના અલગ અલગ ચાર ગામના ઘરેલું ઝઘડાઓનો સુખદ અંત લાવી અને ચાર દંપત્તિનો ઘર સંસાર તુંટતા અમરેલી મહિલા પોલીસ સ્ટેશનમાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બચાવ્યા હતો.

બાળ વિકાસ વિભાગ દ્વારા મહિલા સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં કાઉન્સેલિંગ દ્વારા સલાહ સુચન અને માર્ગદર્શન આપી ચાર ઘર તૂટતાં બચાવેલા છે. જેમાં ફરજ બજાવતા કાઉન્સેલર પારૂલબેન મહિડા અને રોશનીબેન મચ્છર દ્વારા કાઉન્સેલીંગ કરવામાં આવે છે.

જેમાં પ્રથમ કિસ્સામાં એક ગામમાં પરિણીતાને આઠ માસથી તેણીની સાસુ, સસરા અને નણંદ તથા પતિ દ્વારા ત્રાસ આપીને ઘરેથી કાઢી મુકેલ હતાં. જેમાં મહિલા સહાયતા કેન્દ્ર ખાતે બંને પક્ષેને બોલાવી સમજાવી અને બાળકોના ભવિષ્યને ધ્યાને રખાવી પતિ–પત્ની વચ્ચે સમાધાન કરવામાં આવેલ હતું.

બીજા કિસ્સામાં એક પરિણીત બેનના પતિને બીજી સ્ત્રી સાથે આંખ મળી જતા પરિણીતાને ઘરેથી કાઢી મુકેલ હોય અને તેણીને પાછા તેડી જવાની જ સ્પષ્ટ ના પાડી દીધેલ હતી. ત્યારે આ પરિણીત બેન દ્વારા મહિલા સહાયતા કેન્દ્રની મદદ લીધી હતી અને ચાર જેટલી બેઠક બાદ સુખદ સમાધાન થયેલ હતું.

ત્રીજા કિસ્સામાં પરિણીતા બેનના સાસુ અને દેરાણીના કહ્યામાં પતિ રહેતો હોય. જેથી આ પરિણીત બહેનને ખુબ જ હેરાનગતિ કરવામાં આવતી હતી. અવાર નવાર બાળકોને આંચકી તેણીને ઘરેથી કાઢી મુકવામાં આવતા હતાં. આમ છતાં પણ આ બહેન સારૂં થઈ જવાની આશામાં બધું જતું કરતા હતાં.

પરંતુ પતિના સ્વભાવમાં કોઈ ફરક પડેલ નહીં અને બહેનને છેલ્લા એક વર્ષથી કાઢી મૂકયાં હતા. બાદમાં ભોગ બનનાર બહેને મહિલા સહાયતા કેન્દ્રને અરજી આપતા મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા બંને પક્ષની ત્રણ મીટીંગ કરી આ મિટિંગમાં સમાજના આગેવાન ઉપરાંત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મુકેશભાઈ બગડા હાજર રહેલા હતા અને પત્નીની શરત મુજબ સમાધાન થયું છે.

ચોથા કિસ્સામાં એક બહેનના લગ્ન ૧૦ વર્ષ પહેલાં થયેલા હતાં. લગ્નબાદ આ પરિણીત બહેનને એક સંતાનમાં દીકરો છે. આ પરિણીતબેનના પતિ ખરાબ લતે ચડી ગયા હતાં અને પોતાના જ ઘરમાંથી આશરે ૩૨ લાખના ઘરેણાં ચોરી કરી અને પોતે કરેલ કરજ ભર્યું હતું.

બીજી છોકરીઓ સાથે મોજમસ્તી કરી છતાં આ બેને બાળક માટે બધું જતું કર્યું હતું. ફરી પાછું દેવું કરી દીધું અને ઘરે કંઈ પણ કહ્યા વગર જતા રહેલ હતાં અને ૧૦ દિવસ થયા તો પણ ઘરે આવતા નહિ. આ બધા ત્રાસથી કંટાળી જઈ આ બેન પોતાના પિયર આવી ગયા હતાં. અહીં બાળકને સાથે લેતા આવ્યા હતા. થોડા દિવસ બાદ આ બાળકને બેને ભણવાનું ચાલુ હોવાથી પોતાના સસરા પાસે મોકલી આપેલ હતો. સમાધાન માટે સમાજ દ્વારા અનેક પ્રયત્નો થયા પણ આ બેન સમાધાન કરવા તૈયાર હતા નહીં અને માત્ર છૂટાછેડા જ લેવા માંગતા હોય. પણ બેનના સાસુ–સસરા ઘર ભાંગવા રાજી નહોવાથી તે છૂટાછેડાની ના પડતા હતાં. બાદમાં આ બેને એક અરજી માત્ર છૂટાછેડા માટે સમજાવવા આપેલ હતી અને આ અરજી અનુસંધાન જયારે અવાર નવાર બેઠક કરવામાં આવી ત્યારે આ બેનને સમજાવ્યા કે તમે બંને છુટા પડી જશો પછી આ બાળકનું શુ થશે? તમારા બન્નેના કારણે આ નિર્દોષ બાળક હેરાન થઈ જાશે. આમ વારંવારની બેઠકમાં બંને પતિ–પત્નીને એકલા બેસાડી સમજાવતા આ બેનના પતિએ પોતે જે ભૂલો કરી હતી તેની માફી માંગી, ઉપરાંત ભવિષ્યમાં આવી કોઈ ભૂલો નહીં થાય એની લેખિત બાંહેધરી આપી ત્યારે અને આ બેનને એમના પતિ ઉપર થોડો વિસ આવતા આશરે સાતેક બેઠક બાદ સુખદ સમાધાન થયું.

આમ મહિલા સહાયતા કેન્દ્ર દ્વારા ચાર ઘર જોડવામાં આવ્યા અને તેમની આ કામગીરી માટે બધાએ ખૂબ આભાર માનેલ અને ખૂબ પ્રશંસા પણ કરી હતી. લોકોને આમ ઉપયોગી થઈ એક સરાહનીય કામગીરી કરવામાં આવે છે.

### આવતીકાલ રવિવાર અને સોમવારે

# અમરેલી ખાતે બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર દ્વારા બે દિવસ રાખી પ્રર્દર્શન યોજાશે

### આધ્યાત્મિક ગુણો સાથે ૨૫ રાખડીઓનું પ્રદર્શન

અમરેલી, તા. ૧૬

બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર દ્વારા આ વર્ષે રક્ષાબંધન પર્વની ઉજવણી સાવ નવાજ રૂપ રંગ એટલે દિવ્યગુણ, ભોજન, નશામુકિત, પર્યાવરણ સંરક્ષણ અને મેડીટેશનને ધ્યાને લઈ બ્રહ્માકુમારી સંસ્થાના ભાઈ બહેનોએ ૨૫ સુંદર રાખડીઓનું પ્રદર્શન દિવ્ય અનુભુતિ ભવનના વિશાળ હોલમાં અમરેલી જિલ્લાના ડી.ડી.ઓ. પંડયાસાહેબ, આર.એન્ડ બી.ના સુપ્રિન્ટેન્ડન્ટ શિલુસાહેબ, દિવ સેવા કેન્દ્રના બ્ર.કુ.ગીતાબહેન, અમરેલી સેવા કેન્દ્રના સંચાલિકા ગીતાદીદી તથા બ્ર.કુ. વિનુભાઈના હસ્તે દિપ પ્રાગટય કરી શહેરના ભાઈ બહેનો માટે ખુલ્લુ મુકવામાં આવેલ. આ ૨૫ રાખડીઓને શહેરની નામાંકિત ૭ શાળાઓમાં જઈ ૩૧૫૦ જેટલા ભાઈ બહેનોને દિવ્ય ગુણ અશકયને શકય બનાવવું, ભોજન કેવું અને કેવી રીતે લેવું, નશા મુકત કેમ રહેવું, ટ્રાફીકના નિયમોનું પાલન, જળ વાયુ અને પર્યાવરણની જાળવણી, યાદ શકિતમાં વધારો અને એકાગ્રતા કેળવવા મેડીટેશન જેવા અગત્યના ગુણો આ રાખડીઓ દ્વારા સમજાવવામાં આવ્યા. તેમજ આ રાખડીઓનું પ્રદર્શન તા.૧૮,૧૯ના રોજ બ્રહ્માકુમારી ગ્રીન પાર્ક, કેરીયા રોડ, અમરેલી ખાતે સાંજના ૪ થી ૭:૩૦ સુધી કોઈપણ ભાઈ બહેનો માટે પ્રદર્શન નિહાળવા ઈશ્વરીય નિમંત્રણ છે.

### ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સની બેઠકમાં

# અમરેલી ખાતે જન્માષ્ટમીની આસ્થા અને ઉત્સાહભેર ઉજવણી કરવાનો નિર્ણય

### નાયબ દંડક વેકરીયા, ડો. ગજેરા બેઠકમાં ઉપસ્થિત



અમરેલી તા.૧૬

અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સની કારોબારી સભ્યોની મીટીંગ બોલાવામાં આવેલ જેમાં આગામી દિવસોમાં જન્માષ્ટમીના તહેવારને ભગવાન કૃષ્ણના જન્મ મહોત્સવની ઉજવણી થાય તે બાબતે ચર્ચા કરવામાં આવેલ તેમજ નગરપાલિકા દ્વારા વેરા વધારવામાં તેમજ અમરેલી શહેરમાં રખડતા ઢોર પ્રશ્ને ચર્ચા કરવામાં આવી. જેમાં સીનીયર સીટીઝન પાર્ક ખાતે રાષ્ટ્રીય હિન્દુ પરિષદમાંથી ડો.ગજેરા તથા મજબુતસિંહ બસીયા તેમજ ધારાસભ્ય કૌશીકભાઈ વેકરીયાએ માર્ગદર્શન આપીને જન્માષ્ટમી તહેવારમાં વધુને વધુ લોકો જોડાઈ તેમજ વિવિધ સંસ્થાઓ આમા સહભાગી બને તેવુ આયોજન કરવામાં આવેલ તેમજ તા. ૧૮ના રોજ સીનીયર સીટીઝન પાર્કમાં રાત્રે ૯ કલાકે એક મીટીંગનું આયોજન કરેલ જેમાં સર્વો વેપારી મીત્રોએ પધારવા જણાવ્યુ છે અને જન્માષ્ટમી તે દિવસે સવારે શોભાયાત્રા નીકળશે. જેમાં વિવિધ ફલોટ રજુ કરવામાં આવશે. આ શોભાયાત્રામાં દરેક નાગરીકો જોડાઈને લાભ લેશે તો દરેક વેપારીઓ તેમજ નગરજનો આ પ્ર સંગમાં તન–મન–ધનથી સહકાર આપશે. આ મીટીંગમાં ઉપસ્થિત પ્રમુખ ચતુરભાઈ અકબરી, મુકુંદભાઈ ગઢીયા, ગીરીશભાઈ ભટ, બાબુભાઈ કાબરીયા, હરેશભાઈ સાદરાણી, કાળુભાઈ ભંડેરી, જીતુભાઈ ગોળવાળા, ભુપતભાઈ ગોળવાળા, હકુભાઈ ચૌહાણ, જીલુભાઈ વાળા, યોગેશભાઈ કોટેચા, નટુભાઈ મસોસા, યોગેશભાઈ ગણાત્રા, સંજયભાઈ રામાણી, જગદીશભાઈ સેલાણી, સુરેશભાઈ, રમેશભાઈ, હાર્દિકભાઈ સેંજલીયા, મનોજભાઈ ભટ, કાળુભાઈ સુહાગીયા, જીલુભાઈ વાળા, બકુભાઈ પંડયા, પરેશભાઈ પારેખ, નિખીલભાઈ મહેતા, અશોકભાઈ તનવાણી, સતીષભાઈ કાનાણી, હરેશભાઈ ટાંક, અરૂણભાઈ ખખ્ખર, વિક્રમભાઈ રબારી વગેરે હોદેદારો તેમજ કારોબારી સભ્યો હાજર રહી જન્માષ્ટમી તહેવાર ભવ્ય રીતે ઉજવાય તે બાબતે આયોજન કરેલ.

આ તકે અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બરના પ્રયાસોથી શેઠ જીતુભાઈ બોરસાણીયા તથા વિોદરાય શાણદીયા અવની બેસન તરફથી આંતરરાષ્ટ્રીય વિશ્વહિન્દુ પરિષદને જન્માષ્ટમી નિમીતે રૂ.૫૧,૦૦૦નું અનુદાન આપવાની જાહેરાત કરેલ છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવન / સરસ્વતી વિદ્યાલય ખાતે બાળ સાહિત્ય કાર્યક્રમ યોજાયો

અમરેલી તા.૧૬

શ્રીજી વિદ્યાર્થી ભુવન સરસ્વતી વિદ્યાલય ખાતે બાળ સાહિત્યના સથવારે એવો સુંદર મજાનો કાર્યક્રમ સંપન્ન થયો. આ કાર્યક્રમમાં મુર્ધન્ય સાહિત્યકાર વાસુદેવભાઈ સોઢા, રવજીભાઈ કાચા તથા કવિ અને લેખક કેતન જોશી ખાસ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆતમાં સરસ્વતી વિદ્યાલયના સંચાલક દિપકભાઈ વધાસીયાએ જોશી એ દરેક મહેમાનોનું મોમેન્ટો આપી સ્વાગત કર્યુ. ત્યારબાદ કવિ કેતન જોશીએ બાલગીત ગાય પણ શકાય અને લખી પણ શકાય તેવા વિષય ઉપર પોતાનું રસપ્રદ વકતવ્ય રજુ કર્યુ. પછીના ક્રમે વાસુદેવભાઈ સોઢાએ નાટક કઈ રીતે બને, કઈ રીતે લખાય તે બાબતે રસપ્રદ શૈલીમાં બાળકોને નાટય લેખન તરફ વાળ્યા. કાર્યક્રમના અંતે રવજીભાઈ કાચાએ નાટક પ્રદર્શિત કરીને બાળકોને નાટક અને વાર્તા વિશે સુંદર વાતો કરી. સુંદર મજાના કાર્યક્રમનું ખૂબ રસપ્રદ સંચાલન



ગુણવંતભાઈ જોશી દ્વારા કરવામાં આવ્યું સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મયંકભાઈ ઉતમભાઈ તથા લાખાણી સાહેબે જહેમત ઉઠાવી હતી.

# બગસરામાં આગામી ૨૪ કલાક માટે મેડિકલ સેવા બંધ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરામાં મેડિકલ એસોસિયેશન દ્વારા મામલદારને આવેદન આપવામાં આવ્યુ હતુ. આવેદનમાં કલકત્તામાં મહિલા તબીબ ઉપર થયેલ દુષ્કર્મ અને હત્યા અને ત્યારબાદમાં જૂનાગઢ તબીબ ઉપર થયેલ જીવલેણ હુમલાના વિરોધમાં આવેદન આપવામાં આવ્યુ હતુ. આવા આરોપીને પકડીને કડકમાં કડક સજા કરવામાં આવે જેના અનુસંધાને શહેરના તબીબો દ્વારા ૧૭/૮ના રોજ તમામ તબીબી સેવાઓ બંધ રાખવમાં આવશે. જેના લીધે ભવિષ્યમાં આવા કોઈ બનાવો ડોકટર ઉપર કે તેના સ્ટાફ ઉપર ના બને તેના માટે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશનની સુચના મુજબ બગસરા મેડિકલ એસોસિયેશન દ્વારા આવેદન આપવામાં આવેલ હતુ.

### શ્રેષ્ઠ કામગીરી બદલ

# લીલીયા મોટાનાં પીએસઆઈનું કલેકટર અને એસ પી દ્વારા સન્માન

### સ્વાતંત્ર દિને કરાયું સન્માન



લીલીયા તા.૧૬

લીલીયા પો.સ્ટે.માં ફરજ બજાવતા પી.એસ.આઈ એસ.આર.ગોહિલ ને જિલ્લા કક્ષા ના સ્વાતંત્રપર્વની ઉજવણી ના દિવસે બગસરા ખાતે જળ પરિવહન મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ની ઉપસ્થિતિ માં સન્માનિત કરવા માં આવેલ જેમાં પી.એસ.આઈ તેમજ લીલીયા પોલીસ ટીમ દ્વારા લીલીયા ના અપહરણ તથા પોકસો અને ક્રાંકચ ગામે થયેલ લુંટના દાખલ થયેલ ગુન્હામાં તેમજ વાઘણીયા ગામે ગુમ થયેલ છોકરીને ઉત્તર પ્રદેશના લલિતપુર થી શોધી કાઢેલ તેમજ કુતાણા ગામની સીમમાં થયેલ મર્ડર જેવા ગંભીર ગુન્હાને હયુમન અને ટેકનીકલ સોર્સના આધારે આરોપીઓને ગણતરીના દિવસોમાં પકડી પાડવામાં આવેલ, જેમાં લુંટ થયેલ પૈકી કુલ રૂ.૧,૬૪,૪૭૦/– ની રીકવરી કરી ઉત્કૃષ્ટ કામગીરી કરેલ હોય. ત્યારે ઉત્તમ કામગીરી બદલ જિલ્લા કલેકટર અજય દહિયા તેમજ જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ અને જળ પરીવહન મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ની ઉપસ્થિતિમાં લીલીયા ના બાહોશ અને નીડર પી.એસ.આઈ એસ.આર.ગોહિલ ને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ અને સાથે સાથે શુભકામનાઓ પાઠવવા માં આવેલ હોય ત્યારે ફરી એક વાર લીલીયા પોલીસ નું નામ રોશન કરવા બદલ સમગ્ર લીલીયા પોલીસ સ્ટાફમાં ખુશીની લાગણી પ્રસરી છે તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદી માં જણાવેલ છે.

### સ્વાગત કાર્યક્રમમાં રજૂ થયેલ અરજી અનુસંધાને

# બગસરા : માવજીંજવા ગામે સરકારી જમીન ઉપર થયેલ દબાણને દૂર કરાયુ

## કલેકટરની સુચનાથી મામલતદાર દ્વારા કાર્યવાહી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૬

બગસરા તાલુકાના માવજીંજવા ગામે સર્વે નંબર ૩૯૧ પૈ ૧૦ની હેકટર ૦.૮૧–૯૫ ચોરસ મીટરની દાદા પ્રભાશંકરભાઈ મનજીભાઈ ઠાકરને ભાડા પટ્ટે આપવામાં આવેલ હોય. જેથી આ જમીનનો ભાડાપટ્ટો પૂરો થતા તેને રિવ્યુ કરવા માટે મેં કલેકટર સાહેબ તારીખ ૨૬/૧/૨૦૧૯ માં અરજી આપેલ. જે ભાડા પટ્ટેની રીન્યુ કરવાની અરજીના મંજૂર કરતા જમીન સરકાર દાખલ કરવા હુકમ કારેલ હોય જે અંતર્ગત સરકારી જમીનમાં દબાણ કરવામાં આવેલ હોવાથી. આ જગ્યા સરકારી જમીન હોવાની અરજી ૨૦૧૯ માં કરેલી હોવાના પગલે કલેકટર દ્વારા આ જમીન ઉપર જે કાંઈ દબાણ કરેલ હોય તે ૧૫/૮/૨૦૨૪ સુધીમાં દૂર કરવા આદેશ કરવામાં આવેલ હતો. જેના અનુસંધાને અરજદાર દ્વારા સ્વાગત કાર્યક્રમમાં આ અરજી મુકેલી હોવાથી અમરેલી કલેકટરની સૂચના મુજબ મામલદાર આર.જી. ઝાલા મેડમ દ્વારા પોલીસ સ્ટાફ પ્રોટેક્શન સાથે સરકારી તંત્રને સાથે રાખી માંવજીંજવા ગામે કરેલ દબાણની જગ્યા પર ડીમોલેશન કરવામાં આવ્યું. જોકે આ બાબતે સામા પક્ષે જણાવ્યું હતું કે, આ બાબતે કોર્ટમાં આગામી ૨૦ તારીખે ધારી કોર્ટમાં મુદત પડેલ છે પરંતુ મુદતમાં કોઈ નિર્ણય આવે તે પહેલાં જ બગસરા મામલતદાર તથા પોલીસ દ્વારા કલેકટરના આદેશને પગલે માવજીંજવા ગામે થયેલ ગેરકાયદેસર બાંધકામને તોડી પાડી દબાણને દુર કરવા આવ્યુ.

### ડીજીટલ ઈન્ડિયાનાં માહોલમાં ભેજાબાજોની જમાવટ

# બાબરામાં ફરસાણની રેંકડી ચલાવનારનાં નામે ર ભાઈઓએ બેન્ક મારફત લાખો રૂપિયાની લેવડદેવડ કરતા ફરિયાદ

## પોલીસે આરોપી રહીમભાઈ અગવાનની કરી અટકાયત, તેના ભાઈની શોધખોળ શરૂ

બાબરા, તા. ૧૬

બાબરામાં ફરસાણની રેંકડી ધરાવનાર હિતેષભાઈ મનુભાઈ ધંધુકીયાનાં નામે બેન્કમાં ખાતુ ખોલાવીને બાબરાનાં રહીમભાઈ મજીદભાઈ અગવાન અને તેના ભાઈ જાવેદભાઈ અગવાને લાખો રૂપિયાનું ખાતા મારફત લેવડ દેવડ કર્યાની ફરિયાદ સ્થાનિક પોલીસમાં નોંધાતા પોલીસે એક આરોપી રહીમભાઈની અટકાયત કરેલ છે અને તેના લઘુબંધુની શોધખોળ આદરી છે.

આ બનાવ અંગે હિતેષભાઈએ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાનો આર્થીક લાભ મેળવવા સારૂ પુર્વ આયોજીત કાવતરૂ રચી, ફરિયાદી તથા સાહેદોને લોન આપવાના બહાને તેમના કિંમતી જરૂરી ડોકયુમેન્ટ મેળવી ફરિયાદીનું ઈન્ડસ્લેન્ડ બેંક બોટાદ મુકામે ખાતા નંબર ૧૫૭૨૧૧૧૦૨૪૭૯થી ખાતુ ખોલાવી જેમાં રૂા. ૪૭,૬૮,૪૦૯ તેમજ આઈ.ડી.એફ.સી. ફસ્ટ બેંક ગોંડલ બ્રાંચમાં ખાતા નંબર ૧૦૧૧૬૦૯૧૮૧ ઉથી ફરિયાદીના ડોકયુમેન્ટનો ઉપયોગ કરી તેની જાણ બહાર બેંક ખાતુ ખોલાવી રૂા. ૨૬,૦૪,૩૧૦ જેટલી રકમ મળી કુલ રૂા. ૭૩,૭૨,૭૧૯નું તેમજ બાબરા ગામના સાહેદોના પણ બેંક ખાતા ખોલાવી તે લોકોના જાણ બહાર બેંક એ.ટી.એમ. કાર્ડ તથા ચેકબુક તેમજ ઈન્ટરનેટ બેંકીગના આઈ.ડી. પાસવર્ડ બેંકો પાસેથી મેળવી પોતાની પાસે રાખી જે ખાતામાં યુકિત પ્રયુકિતથી ગુજરાત રાજય તથા બહારના રાજયમાંથી ખાતા ધારકના ખાતામાં પૈસા મંગાવી પોતે ખાતા ધારક હોય તે રીતે પૈસા મોકલનાર સાથે ડીલ કરી પૈસાની અન્ય કોઈ બીજા ખાતાઓમાં લેપટોપ તથા મોબાઈલ ફોન વિગેરે ઈલેકટ્રોનિકસ ઉપકરણનો ઉપયોગ કરી અલગ અલગ ટ્રાન્જેકશન કરી, પોતાનો તથા પૈસા મોકલનારને આર્થીક લાભ પહોંચાડી ફરિયાદી તથા સાહેદો સાથે વિશ્વાસઘાત કરી અને છેતરપીંડી કરી એક બીજાએ મદદગારી કરી ગુનો કર્યો હોય ધોરણસરની કાર્યવાહી કરવાની માંગ કરેલ છે.

### બેન્કોનાં સ્પર્ધાત્મક યુગમાં પણ દયનીય હાલત

# આલે લે : અમરેલીની એસબીઆઈમાં એટીએમ બંધ હોય મેનેજરને ખબર નથી

## બેન્કમાં જનરેટરની સુવિધાનો પણ અભાવ

અમરેલી, તા. ૧૬

અમરેલી ખાતે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજરની ચેમ્બર્સની બાજુમાં આવેલ એ.ટી.એમ. મશીન કેમ બંધ છે ? તે પણ બેંકના મેનેજરને ખબર નથી. બેંકમાં લાઈટ ચાલી જતાં બેંકના કર્મચારીઓ અંધારામાં ટમટમીયા લેમ્પ ઉપર બેંકના કામકાજ ચાલુ રાખે છે ત્યારે બેંકના મેનેજરની ચેમ્બર્સમાં ભપકાદાર લાઈટ ચાલું રાખી ગ્રાહકોની મુશ્કેલીમાં વધારો કરે છે. ત્યારે બેંક મેનેજર દ્વારા બેંકમાં રહેલ જનરેટર બંધ હોવાનું કહી લાજવાના બદલે ગાજતા ગ્રાહકો સાથે જોવા મળ્યા હતાં. લાઈટ ના હોય તો બેંક શું કરે તેવા ઉડાવ જવાબ આપતા જોવા મળ્યા હતાં.

ગુરૂવારે જાહેર રજા હોવાના કારણે શુક્રવારના રોજ બેંકમાં સામાન્ય કરતાં વધારે ગ્રાહકો આવી જતાં હોય છે. ત્યારે કોઈ કારણોસર સવારે સાડા અગિયારના સુમારે અમરેલીમાં લાયબ્રરી ચોકમાં આવેલ સ્ટેટ બેંક આફ ઈન્ડિયામાં કોઈ કારણોસર લાઈટ ગુલ થઈ જવા પામેલ હોય, ત્યારે સિનિયર સિટિઝન સહિતના ગ્રાહકો પોતાના જ નાણાં ઉપાડવા માટે બેંકની બાજુમાં આવેલ એ.ટી.એમ. મશીન ખાતે જતાં આ બેંક તથા મુખ્ય બેંકના બંને એ.ટી.એમ. મશીન બંધ જોવા મળતાં હતાં જેને કારણે લોકો પરેશાન થઈ ઉઠયા હતાં. ત્યારે કેટલાંક ગ્રાહકો આ અંગે લાયબ્રેરી ચોકમાં આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજરને ફરિયાદ કરવા જતાં સિનિયર સિટિઝન સાથે બેંક મેનેજર દ્વારા ઉધ્ધત વર્તન કરેલ હતું. પરંતુ આ સિનિયર સિટિઝને પોતાની ઓળખાણ આપતા મેનેજરે ગલ્લાતલ્લા કરવાના શરૂ કરેલ હતાં. બેંકમાં લાઈટ ચાલી જવાથી કોમ્પ્યુટર તો બેટરીના બેકપેક ઉપર ચાલતા હતાં. પરંતુ બેંકમાં માત્ર ટમટમીયા લેમ્પ ચાલુ હોવાના કારણે બેંકમાં અંધારૂ હોવાથી બેંકમાં કંઈ દેખાતું ના હોય છતાં બેંકના મેનેજરે ચેમ્બર્સમાં ભપકાદાર લાઈટ ચાલું રાખી ગ્રાહકોની મુશ્કેલીમાં વધારો કરતા જોવા મળતાં હતાં.

બાદમાં મેનેજરને આટલી મોટી બેંકમાં લાઈટ ચાલી જાય તો જનરેટર કેમ નથી તેવું પૂછતાં જનરેટર પણ બંધ હોવાનું આ બેંકના મેનેજરે જણાવ્યું હતું.

આ બેંકમાં સિનિયર સિટિઝન મહિલા તથા સ્કૂલના બાળકો ગ્રાહક હોય, આ ઉપરાંત સરકારી ભરણાં પણ આ બેંકમાં ભરાતા હોય ત્યારે અમરેલીની તમામ સ્ટેટ બેંકના એ.ટી.એમ. એકી સાથે કેવા કારણોસર બંધ હતાં ? તેની તપાસ કરવા તથા તમામ બેંકની બ્રાન્ચમાં નવા જનરેટર ફાળવવા જોઈએ અથવા તો બંધ થયેલા જનરેટર રિપેર કરવા માટે બેંકના મેનેજમેંટ દ્વારા કાર્યવાહી કરવા માંગ ઉભી થવા પામી છે.

### ચાલુ મોસમમાં સૌ પ્રથમ વખત છલોછલ થયો

# આનંદો : ધારી નજીક આવેલ જિલ્લાનો સૌથી મોટો ખોડિયાર જળાશય ઓવરફ્લો

## નીચેના વિસ્તારનાં ૪૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યા



અમરેલી, તા. ૧૬

ધારી નજીક આવેલ અમરેલી જિલ્લાનો સૌથી મોટો ડેમ ખોડિયાર ડેમના ઉપરવાસના ગીરના જંગલોમાં સતત વરસાદથી ખોડીયાર ડેમમાં પાણીની સતત આવક રહેતી હોવાના કારણે ધારીનો ખોડીયાર ડેમ બુધવારે સાંજે આ સિઝનમાં સૌ પ્રથમ વખત ૧૦૦જેટલો પૂરેપુરો ભરાયો હોવાના કારણે ખોડીયાર ડેમના દરવાજા ખોલવા પડે તેમ હોવાના કારણે આ જળાશયના નીચેના વિસ્તારમાં આવેલ ૪૦ જેટલા ગામોને એલર્ટ કરાયા હતાં અને રાત્રીના સમયે આ જળાશયના બે દરવાજા ખોલાયા હતાં.

ધારી તથા ગીર વિસ્તારમાં ચોમાસાના કારણે સતત વરસાદ પડતો હોય જેને અમરેલી જિલ્લાના સૌથી મોટા જળાશય ધારી નજીક આવેલ શેત્રુંજી નદી ઉપર બનાવાયેલા ખોડિયાર ડેમના ઉપરવાસના ગીરના જંગલોમાં સતત વરસાદથી ખોડીયાર ડેમમાં પાણીની સતત આવક રહેતી હોવાના કારણે ધારીનો આ ખોડીયાર ડેમ બુધવારે સાંજે પૂરેપુરો ૧૦૦ ટકા છલોછલ ભરાયો હોવાના કારણે આ ખોડીયાર ડેમના દરવાજા ખોલવા પડે તેમ હોવાના કારણે આ જળાશયના નીચેના વિસ્તારમાં આવેલ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના ધારી, આંબરડી, ભરડ, પાદરગઢ તથા બગસરા તાલુકાના હાલરીયા, હુલરીયા, અમરેલી તાલુકાના સરંભડા, નાના માંડવડા, મેડી, તરવડા, બાબાપુર, વાંકીયા, ગાવડકા, તથા પીઠવાજાળ, વિઠ્ઠલપુર, મોટા ગોખરવાળા તેમજ નાના ગોખરવાળા લીલીયા તાલુકાના કણકોટ, આંબા, ક્રાંકચ, બવાડા, બવાડી, ઈંગોરાળા, શેઢાવદર, લોકા, લોકી તથા સાવરકુંડલા તાલુકાના બોરાળા, જુના સાવર, ખાલપર, આંકોલડા, મેકડા, ફિફાદ, ઘોબા, પીપરડી સહિત ૪૦ જેટલા ગામોને એલર્ટ કરાયા હતાં તથા ખોડીયાર ડેમના નીચેના વિસ્તારમાં નદીના પટ કે કાંઠા વિસ્તારમાં કોઈએ અવરજવર ન કરવા પણ ચેતવણી આપવામાં આવી હતી. અને બુધવારે રાત્રીના સમયે આ જળાશયના બે દરવાજા અર્ધો ફુટ જેટલાં ખોલાવામાં આવ્યા હતાં.

### જીલ્લા પંચાયતના બાંધકામ સમિતિનાં ચેરમેને પત્ર પાઠવ્યો

# બાબરાથી લાલકા ગામ સુધીનો સિંગલપટ્ટી માર્ગ પહોળો બનાવવા માંગ

## જિ.પ.નાં સદસ્યનાં પ્રતિનિધિ નીતિન રાઠોડની માંગ



બાબરા, તા. ૧૬

બાબરાથી લાલકા સુધીનો માર્ગ માત્ર ત્રણ મીટરનો પહોળો હોવાથી પસાર થવામાં ખુબ જ મુશ્કેલી ઉભી થઈ છે તેમજ આ વિસ્તારમાં વાહન વ્યવહાર પણ ખૂબ વધ્યો હોવાથી માર્ગ પહોળો કરવો ખુબજ જરૂરી છે તેમજ આ રોડ પર શ્રી વડલીવાળી મેલડીમાં નું અતિ પૌરાણિક અને સમગ્ર તાલુકામાં આસ્થાનું સ્થાન ધરાવે છે એટલે લોકો પગપાળા પણ ખુબજ જતા હોય છે તેમજ મંદિર વરસમાં અનેક ધાર્મિક પ્રસંગ થતા હોવાથી શ્રધ્ધાળુની અવરજવર ખૂબ રહે છે અને ટ્રફિક થાય છે તેમજ આ રોડપર ચોટીલા પણ મોટી સંખ્યામાં ભાવિકો પગપાળા ચાલી જતા હોય છે ત્યારે કોઈ અકસ્માત ના બને તે માટે રોડ પહોળો કરવો ખુબજ જરૂરી છે.

જીલ્લા પંચાયત હસ્તક આવતા બાબરા લાલકા માર્ગ બસ અને જસદણ માર્ગને જોડતો મુખ્ય માર્ગ છે નિલવળા સુખપર, વાંકીયાપ સુકવળા અને લાલકા સહિતના ગામનો સમાવેશ થાય છે આ તમામ ગામના લોકો બાબરા આવતા હોય છે પણ સાંકડો રોડના કારણે મુશ્કેલીઓ ઉભી થાય છે હાલ રોડ ૩.૭૫ મીટરની પહોળાઈ ધરાવતો શીંગલ પટી રોડ છે જે. ૫.૫ મીટર પહોળો કરવામાં આવે તો રાહદારીઓને મોટી રાહત મળી શકે તેમ છે.

# ધારીનાં ધારગણી ગામનાં પ્રૌઢાએ કૂવામાં પડી આત્મહત્યા કરી લીધી

અમરેલી, તા. ૧૬

ધારી તાલુકાના ધારગણી ગામે રહેતા ચંપાબેન અરજણભાઈ દાફડા નામનાં ૫૫ વર્ષિય મહિલાને શરીરે સાંધાનો તથા સ્નાયુનો દુઃખાવો રહેતો હોય અને પોતાનો નાનો દિકરો ઉંમર લાયક થયેલ હોવા છતાં પણ સગપણ થતુ ન હોય. જે બાબતની મહિલાને સતત ચિંતા રહેતી હોય. જેના કારણે ગત તા. ૧૫ના આશરે સવારે ૮ થી ૧૧ના સમય દરમ્યાન કોઈપણ સમયે ધારગણી ગામે મુનાભાઈ વેકરીયાની વાડીના કુવા પોતે પોતાની મેળે પડી જતા પાણીમાં ડુબી જતા મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.






















# ફરરરર..... અરરરર.......

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



દિશાબેન શાળામાં ભણે.. રજામાં ઘરે લેસન કરે, રમે ને આંનદ કરે.

પપ્પાએ ટચસ્કીન મોબાઈલ લીધો. દિશાબેન કયારેક-કયારેક મોબાઈલ ફોનમાં બાળવાર્તા, બાળગીત જુએ: સાંભળે, ભણતરની વાતો પણ જાણે. ખૂબ જ સમજથી મોબાઈલનો ઉપયોગ કરે.

એક દિવસ રજા સમયમાં દિશાબેન બાળગીત સાંભળતા હતા. પપ્પાને આરામ કરવોહતો. અવાજ થયા. શું કરવુ? મમ્મીએ કહ્યુ, ''ઈઅરફોન વાપરતી હોય તો? એટલે એકલા સાંભળી શકાય ને?''


સફેદ-સફેદ ઈઅરફોન મૂકેલો. રૂમની બારીઓ ખૂલ્લી ! બહાર બાલ્કનીમાં કબૂતર બેઠા હતા. એમાં એક કબૂતરીનું ધ્યાન ઈઅરફોન પર પડયુ ! કબૂતરી માળો બાંધવા દોરા, ડાળી-ડાંખળા ભેગા કરતી હતી. કબૂતરીબેનને એમ કે જાડો દોરો છે. સફેદ-સફેદ ! રૂમમાં આવીને ઈઅરફોન ચાંચમાં ઉપાડીને ઉડયા ભરરરર....! આ તરફ દિશાબેન રૂમમાં દાખલ થયા! કબૂતરીને ઈઅરફોન લઈને ઉડી જત જોયા. દિશાએ દોડયા....મારો ઈઅરફોન ..મારો ઈઅરફોન...અરરર.....'' કબૂતરી તો ઉડી ગઈ ભરરરર.....કબૂતરી ગાયબ ! ઈઅરફોન ગાયબ !





દિશાબેનનો અવાજ સાંભળીને મમ્મી પણ દોડયા. ''હવે શું? વાંધો નહી, શું થાય?'' એમ વિચારીને કામે લાગ્યા. દિશાબેન શાળાએ ગયા. કબૂતરીને બાજુના ખેતરમાં ગયા. ખેતરમાં પડતર કૂવો હતો. ત્યાં માળો બાંધો. કબૂતરીએ આ વસ્તુ મૂકી. કબૂતરે આ જોયુ. કબૂતરીને પૂછયુ. '' આ શૃ લઈ આવી ?'' કબૂતરી કહે, ''દોરા'' તો કબૂતર કહે. ''આ દોરા નથી. આપણે સામેના ફલેટના રવેશમાં માળો બાંધેલો ને ? ત્યાં મેં જોયેલુ છે. માણસો પાસે ફોન હોય ને ? ફોન સાથે લગાવીને કાનમાં રાખીને સાંભળે... ઝૂમે..... એવુ છે આ !'' કબૂતર કહે, ''ના, એવુ ના કરાય, આપણા ઉપયોગીની ચીજ નથી. માટે ના રખાય. જયાંથી લાવી ત્યાં મૂકી આવો.''

કબૂતરી કહે, ''સારુ'' બીજા દિવસે સવારે ઈઅરફોન લઈને આવ્યા દિશાબેનના ઘેર ! રૂમની બારી ખુલ્લી જ હતી. અંદર દાખલ થયા. કબાટ પર ઈઅરફોન મૂકીને કબૂતરીબેન ઉડયા... ભરરરર...! આ તરફ દિશાબેન રૂમમાં દાખલ થયા. કબૂતરીને ઉડતી જોઈને વિચારે ચડયા, '' અરરરર.... ! આજે શું લઈ ગયા હશે?'' પણ કબાટ પર નજર પડી ઈઅરફોન પડયા હતા.! દિશાબેન બધુ સમજી ગયો. કબૂતરીબેન સામેના ફલેટના રવેશમાં બેઠા હતા. તે તરફ જોઈને હાથ હલાવીને કબૂતરીનો આભાર માન્યો. સામે કબૂતરીએ ઘૂટરઘૂ...ઘૂટરઘૂ...કરીને રાજીપો બતાવ્યો ને ઉડી ગયા ભરરરર...!

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
# જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧.ભોગ ભોગવવાથી વાસના વધે છે, ઈન્દ્રિયોનો ક્ષય થાય છે. વિષયોનું ચિંતન કરવાની શકિત ક્ષય થાય છે, ઈન્દ્રિયનુ સ્મરણ કરવાથી શકિત વધે છે.
૨. જીવ મર્યાદા છોડીને વિષયો ભોગવે અને દુ:ખ ભોગવે તેમા ઈશ્વરનો શું વાંક?
૩. અતિ દુ:ખમાં વિવેક રહેતો નથી.
૪. (૧) નામામૃત અને (૨) કથામૃત આ બે પ્રકારા અમૃતનુ જે પાત કરે તેને ઈન્દ્રિયો પજવી શકશે નહીફ
૫. જયારે મનમાં વિષયો પ્રવેશે-પાપ મનમાં પ્રવેશે ત્યારે કથાનંદ અને નામામૃતનો આશરો લેવો. નામબ્રહ્મ અને નાદબ્રહ્મ એક થાય એટલે પરબ્રહ્મ પ્રગટ થાય છે.
૬. અતિશય પાપી હોય તેને કૃષ્ણકીર્તનમાં આનંદ આવતો નથી, પાપને દૂર કરવા કથામાં જવાનુ છે.
૭. ભજન પણ જાતે જ કરવુ જોઈએ.
૮. કામસુખનું ચિંતન વિષયો ભોગવવા કરતા પર બુરુ છે.
૯. પ્રભુકૃપા થાય તો સત્કર્મ કરવાની ઈચ્છા થાય.
૧૦. જીવ એવો દુષ્ટ છે કે સાધારણ આનંદમાં પાગલ બને છે. થોડું દુ:ખ થાય તો રડવા બેસે છે.

# જ્ઞાનમંજરી

### ભારતનાં મહત્વનાં સ્થળો

૧.ગાયત્રી મંત્રના રચયિતા કોને માનવમાં આવે છે ?-વિશ્વામિત્ર
૨. સૌપ્રથમ કોની મૂર્તિ પૂજા કરવામાં આવી હતી ?-બુદ્ધે
૩.પંચતંત્રના લેખક કોણ છે ?- વિષ્ણુ શર્મા
૪. રામાયણના કયા કાંડમાં હનુમાનજીનો સૌપ્રથમ ઉલ્લેખ આવે છે? -સુંદર કાંડ
૫. 'ઈન્ડિકા'ના લેખક કોણ છે?- મેગસ્થનિક
૬. જાતક કથાઓમાં શેનું વર્ણન છે ?-બુદ્ધના પૂર્વ જન્મની વાર્તાઓનું
૭. હર્ષવર્ધનનાં કયા રાજકવિએ 'હર્ષચરિત'ની રચના કરી હતી?-બાણભટ
૮. મહાવીર સ્વામીના માતાનું નામ શું હતુ ? - ત્રિશલાદેવી
૯. સૂરદાસે પોતાની રચનાઓ માટે કઈ ભાષાનો ઉપયોગ કર્યો હતો ?-વ્રજ
૧૦. ભારતમાં ઈસ્લામ ધર્મને લઈ આવનાર સૌપ્રથમ કોણ હતા? -ખલજી

# ઝળહળ ઝાકળ
**લેખમ : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## કૃતજ્ઞતા


રૂમાલ -નેપકીન-ટોવેલ વપરાય, મેલા-ગંદા થાય, તે જાય ધોવામાં...હવે તો 'વાપરો અને ફેંકી દો'(યૂઝ એન્ડ થ્રો) પ્રકારના રૂમાલ-નેપકીન મળે છે.-કેટલાક લોકો આવી મનોવૃતિથી અન્ય લોકો સાથે વ્યવહાર કરતા હોય છે. પોતાનો સ્વાર્થ સાધવા માટે જયા સુધી 'જરૂર' છે ત્યાં સુધી 'સાચવો' પછી ફેંકી દો, ભૂલી જાઓ ! અંતે જતા આવા લોકો 'નિષ્ફળ' જતા હોય છે. સમાજમાં 'પરખાઈ' જતા હોય છે.

સંબંધીને વેલને લીલીછમ રાખવા માટે નાનામાં નાના માણસની નાનામાં નાની મદદનેય યાદ રાખવી, તેનું નામ કૃતજ્ઞતા !

## પ્રયોગ - ૮
# પ્રવાહીમાં તે પ્રવાહીનો ઘન ડૂબે છે

**હેતુ:** જે તે પ્રવાહીને ઘનપદાર્થ તે પ્રવાહીમાં ડૂબી જાય છે તે તપાસવું.
**સાધન:** વાડકી, મીણ, દીવાસળીની પેટી, મીણબતી.
**પદાર્થ:** પાણી
**રીત:**
મીણબતી સળગાવીને ઉભી ગોઠવો.
તેના પર નાની વાટકીમાં મીણ લઈ તે બધું પીગળી જાય ત્યાં સુધી ગરમ કરો.
પીગળેલા મીણમાં ઘણ મીણનો નાનો ટુકડો મૂકો.
**અવલોકન:** મીણનો ટુકડો ડૂબી જશે.
**તારણ:** આમ, જે તે પ્રવાહીમાં તે પ્રવાહીનો ઘનપદાર્થ ડૂબી જાય છે.
**નોધ:** કોઈપણ પદાર્થનું ઘનસ્વરૂપ તેના પ્રવાહી સ્વરૂપ કરતા ભારે હોય છે. આથી પદાર્થનું ઘન સ્વરૂપ પ્રવાહીમાં ડૂબી જાય છે. અપવાદરૂપ બરફ એ ઘન સ્વરૂપ હોવા છતાં પાણી એટલે કે પ્રવાહી પર તરે છે, કારણ કે બરફની ઘનતા પાણીની ઘનતા કરતાં ઓછી હોય છે.
વધારેમાં વધારે ઠંડી અને વધારેમાં વધારે ગરમી સહન કરી શકતી કીડીઓ

# પ્રયોગની પાંખે
**વિજ્ઞાન નગરી**
**પ્રકાશક: શ્રી બળવત પારેખ**



**વધારે વધારે ઠંડી અને વધારેમાં વધારે ગરમી સહન કરી શતી કીડીઓ.....**

કીડીઓ સિવાય એવું બીજું એકપણ જીવજંતુ નથી કે જે વધારેમાં વધારે ઠંડી અને વધારેમાં વધારે ગરમી સહન કરી શકે. એક વખત કેટલીક કીડીઓ બરફની અંદર ઠરી ગયેલી જોવામાં આવેલીને ત્યારે તે મરી ગયેલા જેવી જ દેખાતી હતી પણ એક-બે દિવસ પછીથી બરફ પીગળ્યો અને કીડીઓ જાણે કંઈ પણ અષ્ટિ થયું જ નથી એમ ચાલી ગઈ. ઘણી વખત ભઠીઓ કે જે ઈંટોની બનાવેલી હોય છે તેમાંય કીડિયાંરા જોવામાં આવે છે અને કોઈવાર તો આ ભઠી ખૂબ ગરમ હોય છે છતાં તેમને કંઈ જ થતું નથી.

# શ્રદ્ધા છે, સાર્થકતા

**- ફાધર વાલેસ**




સંત પાણી પીતા હતા. એમને કહેવામાં આવ્યુ : 'આપને જો હમણા ખબર પડે કે પાંચ મિનિટમાં આપનું મૃત્યુ નીપજવાનુ છે તો આપ હવે શું કરો ? સંતે કહ્યુ: 'પાણી પીઉ !'

સંત સાચા હતા એટલે એમના મોએથી સાંચો જવાબ આવ્યો. મૃત્યુ આવે તો એની તૈયારીમાં કોઈ ધ્યાન પરવાનું કહે,કહે, સંત શાંતિથી કહે : 'પાણી પીઉ, પાણી પીતો હતો તે પીતો રહુ. કરતો હતો તે કરતો રહુ. મારુ જીવન સારુ છે, દરેક કૃત્ય મંગળ છે. પુણ્ય તો રોજ રોજનાં કાર્યો નિષ્ઠાથી કરવામાં હોય છે એ માટે કંઈ જુદુ, નવુ, કૃત્રિમ, વિચિત્રકરવાની કશી જરૂર નથી. રોજ કરવાનું છે તે કરીએ. પણ દિલથી કરીએ, આંનદથી કરીએ, શ્રદ્ધાથી કરીએ. ખાવાનુ ત્યારે ખાવાનું અને વાંચવાનું ત્યારે વાંચવાનુંઅને પાણી પીવાનું ત્યારે પાણી પીવાનું. 'એ ધર્મની સાચી સમજ છે. એ જીવનની સાચી સૂઝ છે. એ મંગળ મૃત્યુની સાચી તૈયારી છે.

ઘણા માણસો સ્વપ્નો સેવે છે. હુ પરાક્રમો કરીશ અને વિરલ તપશ્ચર્યા કરીશ અને અસાધારણ સાધના કરીશ. એવા લોકો સ્વપ્નો સેવે છે. સ્વપ્નો સાર્થક થાય એની રાહ જુએ છે, પણ સ્વપ્નો સાર્થક થતા નથી.
**(ક્રમશ:)**

# સૌનું આરોગ્ય


### (૧૫) કમળો

**કારણ :** પિતકાર પદાર્થોના અતિ સેવનથી, જુદા જુદા પ્રકારના તાવથી, જૂની કબજિયાતથી, પિત લોહી અને માંસ દૂષિતથઈ ચામડી, નખ અને મુખ પીળા હળદર જેવા દેખાય છે. તેને આપણે કમળાના દર્દથી ઓળખીએ છીએ.
૧. લીંબડાના પાનનો રસ એક તોલો અને મધ અરધો તોલો બંને એકઠા કરી રોજ સવારે પીવાથી કમળો મટે છે.
૨. વીકળાના પાન પચાસ ગ્રામ લાવી, સાફ કરી , તેનો રસ કાઢી સવાર-સાંજ પીવાથી કમળો મટે છે.
૩. કડુંનુ ચૂર્ણ બેથી ત્રણ ગ્રામની માત્રામાં તેના જેટલી જ સાકર સાથે લેવુ આથી કબજિયાત દૂર થશે.
૪. કૂકડવેલના રસના ટીપા ત્રણથી ચાર દિવસ રોજ નાકમાં નાખવાથી નાકમાંથી પીળુ પાણી પડે છે. તેથી ગભરાવુ નહી. આ પ્રયોગ અનુભૂત છે.
૫. કળીચૂનાનો મોટો ગાંગડો લઈ તેને થાળીમાં મૂકી ઉપર જરા જરા પાણી નાખવુ. આથી કળીચૂનો ફૂલીને છૂટો પડી જશે. તે સુકાયા પછી તેને કપડાથી વસ્ત્રગાળ કરી લેવો. આ કળીચૂનો બે ચણા જેટલો દસ ગ્રામ માખણમાં અથવા ચાલીશ ગ્રામ દહીમાં કાલવીને સવારમાં એક જ વખત લેવો. કમળાની આ એક ચમત્કારિક દવા છે. સાત દિવસ સુધી આ દવા લેવાથી અને દહી, ભાત, ચણા, શેરડી વિ.માંથી જે મળે તેનો આહારમાં ઉપયોગ કરવાથી કમળો અવશય મટે છે.

### (૧૬) કમરનો દુ:ખાવો

**કારણ :**અતિ ઝડપે ચાલવાથી કે દોડવાથી, અતિ રુક્ષ લઘુ એવા આહાર-વિહારથી, અતિ જોર કરવાથી, અતિમૈથુનની, રસરકતાદિ ધાતુનો ક્ષય થવાથી, મળ-મૂત્રાદિકનો અભિઘાત થવાથી, શરીરમાં રહેલો વાયુ કુપિત થઈને કમરમાં પીડા ઉત્પન્ન કરે છે.
૧. હળદર અને મીઠ સમભાગે લઈ, પાણી સાથે લસોટી, ગરમ કરી, સાધારણ ગરમ-ગરમ લેપ કરવો.
૨. કમરના દુ:ખાવાના દર્દીએ દરરોજ એક તોલો દિવસ સૂંઠનાં ઉકાળા સાથે દસ-પંદર દિવસ સવારે પીવુ. આથી દુ:ખાવામાં જલદી રાહત થશે.
૩. રોજ સવારે અડધો-અડધો તોલો મેથીનું ચૂર્ણ પાણી સાથે લેવાથી કમરનો દુ:ખાવો ઓછો થશે.

**સૌનું આરોગ્ય**
**:: લેખક ::**
**વૈદ્ય પ્રદિપ આસ્તિક**
**૮૦ દર્દી પરના સરળ તેમજ સચોટ ૨૯૦ પ્રયોગોનો સંગ્રહ**



૪. સૂંઠ અને મેથી સરખા વજને લઈ, ઘી અને ગોળમાં નાની-નાની લાડુડી બનાવી રાખી રોજ સવારે એકેક લાડુડી ખાવી.
૫. અશ્વગંધા અને ચોપચીનીનું સમભાગે બનાવેલ ચૂર્ણ બે-બે ગ્રામની માત્રામાં સવાર-સાંજ લેવાથી કમરનો દુ:ખાવો મટે છે.


### (૧૭) કરોળિયો

**કારણ:**વિરૂધ્ધ આહારના સેવનથી શરીરનું રકત દુષિત થાય છે. પરિણામે મુખ પર, વાંસમાં કે છાતીના ભાગ પર કરોળિયા થાય છે.
૧. હળદર અને ફટકડી પાણીમાં કાલવીને કરોળિયા પર લગાવવાથી કરોળિયા મટે છે.
૨. સરસવ, કાળીજીરી તથા જેઠીમધનનો સમભાગે પાવડર બનાવી, મૂળાના પાકા પાનના રસમાં આ દવા મેળવી કરોળિયા પર લગાવવાથી કરોળિયા મટી જશે.
૩. કેળના સૂકા પાન લાવી, તેને બાળીને તેની ભસ્મ બનાવી લેવી. પાણી સાથે જરૂશ્ર પૂરતી આ ભસ્મ મેળવીને કરોળિયા પર સવાર-સાંજ લગાવવાથી કરોળિયા મટે છે.
૪. મનશીલ, ટંકણખા અને હળદર સમાન ભાગે લઈ, વાટીને પાણી સાથે મેળવી કરોળિયા પર લગાવવાથી કરોળિયા અવશ્ય મટે છે.


### (૧૮) કાનના રોગો

**કારણ :** કાનમાં પાક થયો હોય, ગુમડા થયા હોય, મસા કે ધાધર થયા હોય, કાનમાં નાસુર થઈ લોહી કે પરુ બહાર આવતુ હોય ત્યારે કાનમાં ખંજવાળ દુ:ખાવો થાય છે. બહેરાશ આવે છે.
૧. કાનનો દુ:ખાવો : મરી, ચામડાના કટકો અને લીંબડાની ટીશીઓ તેલમાં ઉકાળી, ઠંડુ થયે કાનમાં ટીપા પાડવાથી કાનનો દુ:ખાવો મટે છે.
૨. કાનમાં રસી : માણસના હાડકાના ચૂર્ણ ચારગણા તલના તેલમાં નાખી કાનમાં નાખવાથી કાનની રસી બંધ થાય છે, કર્ણપાક મટે છે હજારો દર્દીઓને ફાયદો થયો છે.
૩. કર્ણશૂળ (કાનના ચસકા): આકડાના મોટા પીળા પાનને બંને બાજુ તલનું તેલ લગાવી બંને બાજુ દેવતા ઉપર સહેજ ગરમ કરી, ખાંડી, કપડેથી નિચોવી કાઢેલા રસની બાટલી ભરી લેવી. આ રસના ટીપા કાનમાં નાખવાથી કાનનો દુ:ખાવો, ચસકા, કાનની રસી તેમજ બહેરાપણુ વગેરે કાનના રોગો મટે છે.
૪. બહેરાપણુ: કુણા બીલનાને ગોમૂત્રના વાટીને તેની ચટણી બનાવવી. તેનાથી ચારગણુ તલનું તેલ અને સોળ ભાગનું બકરીનું દૂધ લેવુ. તેમાં સોળ ભાગનુ પાણી નાખી સઘળ એકરસ કરી ઉકાળવુ. માત્ર તેલ બાકી રહે ત્યાં સુધી ઉકાળી, ઠંડુ થયે ગાળીને શીશી ભરી લેવી. આ તેલમાં ટીપા નિયમિત બે-ત્રણ માસ કાનમાં નાખવાથી બહેરાપણુ દૂર થાય છે.


# આ મારું ચિત્ર છે




કાવ્યા વિનુભાઈ નિમાવત
(ધોરણ-૭, શ્રી પાણિયા પ્રા.શાળા)



તુલસી જનકભાઈ કનાળા
(ધોરણ - ૭, શ્રી પાણિયા પ્રા.શાળા)



કાવ્યા વિનુભાઈ નિમાવત
ધોરણ. ૭, શ્રી પાણિયા પ્રા.શાળા




દેવગાણીયા ધ્રુવિલ અતુલભાઈ
(ધો.૪-વર્ગ (અ), રૂપાયતન પ્રા.શાળા

# અમરેલીમાં પશ્ચિમ બંગાળની ઘટનાનાં વિરોધમાં તબીબોની કેન્ડલ માર્ચ યોજાઈ






અમરેલીના તબીબોએ પશ્ચિમ બંગાલમાં થયેલ ઘટનાનાં વિરોધમાં મોડી સાંજે જઘન્ય કૃત્યોના આરોપીએ કડક સજા આપવાની માંગ સાથે શાંતાબા મેડીકલ કોલેજથી શરૂ કરીને ડો. જીવરાજ મહેતા ચોક સુધીની કેન્ડલ માર્ચ યોજી હતી આ તકે આઈએમએ ના પ્રમુખ ડો. ગજેરાએ રોષભેર જણાવેલ કે ડોકટરોએ હવે ફરજિયાતપણે હથિયાર રાખવુ પડશે આ કેન્ડલ માર્ચમાં મોટી સંખ્યમાં શહેરનાં તબીબો જોડાયા હતા.

## વડિયાની મુખ્ય બજારમાં તિરંગા યાત્રા યોજાઈ

અમરેલી, તા. ૧૬

વડિયા ખાતે સ્વતંત્રતા પર્વના અનુસંધાને તિરંગા યાત્રાનુ આયોજન વડિયાની સુરગવાળા હાઈસ્કૂલથી શિવાજી ચોક સુધી મુખ્ય બજારમાં કરવામાં આવ્યુ હતુ. આ યાત્રામાં ભારતમાં કી જય, વંદેમાતરમ જેવા નારાઓ લગાવી દેશની આન બાન અને શાન સમા તિરંગા ઝંડાને લેહરાવવામાં આવ્યાહતા. આ યાત્રામાં મામલતદાર સોલંકી, પીઆઈ ગળચર, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, સરપંચ મનીષભાઈ ઢોલરીયા, તુષારભાઈ ગણાત્રા, તુષારભાઈ વેગળ, ચેતનભાઈ દાફડા સહિતનાં રાજકીય લોકો, સુરગવાળા હાઈસ્કૂલનાં કર્મચારી, વિદ્યાર્થીઓ, આંગણવાડી, આરોગ્ય અને પોલીસ વિભાગના કર્મચારીઓ જોડાયા હતા.




## શહેરીજનોની રૂબરૂ મુલાકાત લીધી
## અમરેલીનાં બહારપરા વિસ્તારની મુલાકાતે નાયબ દંડક કૌશિક વેકરિયા

### પુર્વ નગરસેવક મધુભાઈ ચાવડા સાથે જોડાયા



અમરેલી, તા. ૧૬

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ બહારપરા વિસ્તારમાં રૂબરૂ મુલાકાત કરીને સ્થાનિકોનો કોઈ પ્રશ્ન હોય તો જણાવવા અને તેના નિકારણની ખાત્રી આપી હતી.

આ તકે આ વિસ્તારના પુર્વ નગર સેવક મધુભાઈ ચાવડા પણ સાથે જોડાયા હતા.

## અમરેલી ખાતે શેર & કેર દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી

અમરેલી, તા. ૧૬

અમરેલી ૭૮ માં સ્વતંત્ર દિવસ નિમિતે શેર એન્ડ કેર પરિવાર દ્વારા પરંપરા મુજબ રાજકમલ ચોક ખાતે ફોટો પાર્કની બાજુમાં ભારત માતાનું પુજન કરવામાં આવેલ જેમાં નગર પાલિકા અમરેલીનાં પ્રમુખ લીંબાણી તેમજ કારોબારી ચેરમેન મનીષભાઈ તેમજ ચિરાગભાઈ, અમીનભાઈ તેમજ નગરપાલિકાની ટીમએ હાજરી આપી પુજન કરેલ તેમજ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા સેવા સંઘ પ્રમુખ સુરેશભાઈ સોલંકી ઉપપ્રમુખ કિશોરભાઈ આજુગયા ઉપપ્રમુખ બાબુભાઈ પોરિયા તેમજ તેમની ટીમએ હાજરી આપેલ અને તેમના દ્વારા મારી ટીમનાં દરેક મેમ્બરોનું સન્માન કરવામાં આવેલ તેમજ સાહિત્યકાર છેલભાઈ શુકલ, કેળવણીકાર નીરવભાઈ કારિયા, વેલીયાત,



લલાડીયા, વિશ્વ હિન્દુ પરિષદના હોદેદારો વિશાળ સંખ્યામાં નગરજનોએ ભારતમાતાનું પુજન કરેલ તેમજ દેશ ભકિતનાં ગીત પર ખુશી મનાવી નગરજનોના મોઢા મીઠા કરાવી ભવ્ય ઉજવણી કરવામાંઆવેલ. મારા શેર એન્ડ કેર અમરેલી પરિવાર સેવાના સાથીદારો સર્વ ધરમેન્દ્ર જોષી, જગદીશ બાબરીયા, મુસ્તુફા પિસવડી, મનસુર ગઢીયા, અનિલ પટેલ, મહેશ પટેલ, શરદભાઈ શુકલ, રમેશભાઈ જાની, પરેશભાઈ મહેતા, અબાસભાઈ માંકડા, સબિરભાઈ ભારમલ, ભાવેશ કમોથી સંજય પંડયા, સાહિલભાઈ કુંડલિયા, ચેતન્યભાઈ ખીમસુરિયા, અલ્તાફભાઈ લારીવાળા, તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મારા સેવાનાં સાથીદારો ઉમેશ તેરૈયા, હીરેન ગોસાઈ, આશિષ મકવાણા, લયા બા રાજપુત, યામિની મેઘાણી અને સિરાજ ચૌહાણએ જહેમત ઉઠાવેલ.

## દામનગરમાં રખડતા પશુઓની પરેશાની

દામનગર, તા. ૧૬

સમગ્ર ભારત દેશ સ્વાતંત્ર પર્વની ઉજવણી માટે લોકો થનગની રહ્યાં છે..ત્રિરંગા રેલીઓ યોજાઈ રહી છે.દેશ ભક્તિનો માહોલ છે.ગુઢવારે લોકો દેશ પ્રત્યે ભક્તિના રંગે રંગાઈ જશે. સે જાણીએ છીએ કે રસ્તે રઝળતા પશુઓ માટે ચિંતા કરી રહ્યા છીએ, એવા સમયમાં દામનગર ગામમાં હવેલી નજીક ગાય માતાઓ અને આખલાઓ બિન્દાસ રીતે આરામ ફરમાવી રહ્યા છે. તંત્ર સહિત



નાગરિકો પોત – પોતાના કાર્યોમાં ગતિ કરી રહ્યા છે. સૌ સાથે મળીને રસ્તે રઝળતા પશુઓ માટે સેવા કરવાનો સમય આવી ગયો છે.

## અમરેલીના ચાંદગઢમાં બિરાજતા શ્રી ૐ દુધેશ્વર મહાદેવ

અમરેલી, તા. ૧૬

અમરેલી તાલુકાના ચાંદગઢ ગામે બિરાજતા પાદરમાં શ્રી ૐ દૂધેશ્વર મહાવેદ છ. ગામમાં આવતા આ પ્રથા દૂધેશ્વર મહાદેવનું મંદિર બિરાજમાન છે જે શ્રાવણમાં શિવમય બની ગામના બધા લોકો દર્શન કરવા આવે છે. બધી શ્રાવણના સોમવારે બપોરે અને સાંજે ૧૦૮ દીવડાની દિપમાળા થાય છે. શિવનના અડીને બે મંદિર આવેલ છ. જુના મંદિરની બાજુમાં નવું મંદિર છે. હાલ પુજારી ભરતપુરી જસુપુરી ગોસાઈ છે. મહાવીરભાઈ ભીખુભાઈ ખુમાણ દિપમાળાના દર્શન કરતા તસ્વીરમાં નજરે પડે છે તેમ ચાંદગઢના પત્રકાર ગીરીશભાઈ ઠાકરની યાદી જણાવે છે.

## દેવળકી ગામે બિરાજતા રામનાથ મહાદેવને છપ્પનભોગ ધરાયા

વડિયા તા.૧૬

વડિયાના દેવળકી ગામે બિરાજતા રામનાથ મહાદેવ પર ગામલોકોની અખુટ શ્રદધા છે. પવિત્ર શ્રાવણ માસએ ભગવાન શીવનો મહિનો હોવાથી ચેમને રીજવવા આ મંદિરમાં ગામ સમસ્ત અનેક કાર્યક્રમ કરવામાં આવે છે. હાલ સમગ્ર ગામ દ્વારા રામનાથ મહાદેવને છપ્પન ભોગ ધરવામાં



આવ્યા હતા તો પવિત્ર શ્રાવણ માસમં ગામલોકો દ્વારા ગામના મુંગા પશુઓ અને કુતરાને સોમવારે લાડુ અને દરરોજ રોટલા બનાવી તેને આપી પૂણ્યનું ભાથું બાંધે છે. દેવળકી ગામ પવિત્ર શ્રાવણ માસમાં જાણે શીવ ભકિતમાં લીન બની ભગવાન શિવજી પાસે ગામની એકતા, સુખ અને સમુદ્ધિની પ્રાર્થના કરતુ જોવા મળી રહ્યુ છે.

# અમરેલી : ગજેરા કેમ્પસ ખાતે ૭૮માં સ્વતંત્ર પર્વની આનંદ અને ઉત્સાહભેર ઉજવણી



અમરેલી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલ્ન્સ, જીલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કૂલ તેમજ ઓર્ટસ કોમર્સ સાયન્સ કોલેજના ૭૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ૭૮માં સ્વતંત્ર પર્વની આંનદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન કૌશિકભાઈ વેકરીયા (નાયબ મુખ્ય દંડક, ગુજરાત સરકાર)ના હસ્તે ધ્વજ વંદન કરાયું. અતિથી વિશેષમાં વસંતભાઈ મોવલીયા, દિનેશભાઈ ભુવા, નાગજીભાઈ સોજીત્રા, મુકુંદભાઈ મહેતા, મનુભાઈ દેસાઈ, રમેશભાઈ કાથરોટીયા, રાજેશભાઈ વિઠલાણી, સુરેશભાઈ દેસાઈ, કિશોરભાઈ કાનપરિયા, જીતુભાઈ ગોળવાળા, જગદીશભાઈ સેલાણી, અનિલભાઈ આડતિયા, વિજયભાઈ વસાણી, પ્રતિકભાઈ સંઘરાજકા, મુકેશભાઈ લીંબાસીયા, રાજુભાઈ ગઢીયા, મુકેશભાઈ કોરાટ, ભીખુભાઈ કાબરીયા, કાળુભાઈ ભંડેરી, કાળુભાઈ રૈયાણી, ખોડાભાઈ સાવલિયા, મનસુખભાઈ બોદર, ચતુરભાઈ ખૂંટ વગેરે ટ્રસ્ટીઓ, સમાજના અગ્રણીઓ, સેવાકીય સંસ્થાના પ્રમુખઓ અને ઉદ્યોગપતિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમના કૌશિકભાઈ વેકરીયાએ સંસ્થાના વિકાસની વાત કરતાં જણાવ્યું કે અમરેલીનું ગૌરવ એવી આ શૈક્ષણિક સંસ્થામાં કે.જી થી પી.જી સુધીનું શ્રેષ્ઠ શિક્ષણ અને અત્યાધુનિક ટેકનોલોજી સાથે બાળકોના સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે તે અત્રેના મેનેજમેન્ટ અને ખાસ સંસ્થાના પ્રમુખ દિર્ઘ દ્રષ્ટા એવા વસંતભાઈ ગજેરાને આભારી છે. ધ્વનવંદન બાદ એન.સી.સી. કેડેટસ પરેડ કરવામાં આવેલ તેમજ સિદ્ધિ પ્રાપ્ત કરેલ સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓનું ઉપસ્થિત મુખ્ય મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિત ગીત, નાટક, સેલ્ફ ડિફેન્ઝસ જેવી સાંસ્કૃતિક અને શાળામાં જે એકિટવિટી કરવામાં આવે છે તેની ઝાંખી કરાવેલ હતી. તેમજ દેશભકિત થીમ પર વકૃત્વ અને સાંસ્કૃતિક કાર્યક્રમના માધ્યમથી દેશભકતીની જયોત પ્રજવલિત કરી હતી. આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ૭૮માં સ્વતંત્ર પર્વની શુભેચ્છા પાઠવી. આવેલ મહેમાનોનો આભાર વ્યકત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ હતો.

## શહેરની તમામ દુકાનો સ્વયંભુ બંધ રહી : શોકનો માહોલ છવાયો

# સાવરકુંડલા : પીર સૈયદ દાદાબાપુનાં જનાજામાં લાખોની જનમેદની જોડાઈ

**શિક્ષણપ્રેમી, વ્યસમુકિત અભિયાનનાં પ્રણેતા અને કોમી એકતાનાં આગ્રહીની વિદાયથી સમગ્ર પંથક શોકાતુર**

**અમરેલી જિલ્લાનાં દરેક વર્ગ, દરેક સમાજ માટે પ્રેરણાદાયી વ્યકિતત્વની અણધારી વિદાયે ગમગીની છવાઈ**

**સેંકડો શાળાઓ અને મસ્જીદોનું નિર્માણ કરીને સૈયદ દાદાબાપુ કાદરીએ સમાજને અર્પણ કરી છે**

**વિશાળ જનમેદનીની સુરક્ષા માટે પોલીસ વિભાગ દ્વારા પુરતી વ્યવસ્થા કરવામાં આવી**





અમરેલી, તા. ૧૬

સાવરકુંડલા ખાતે શનિવારે પીર સૈયદ દાદાબાપુ કાદરીની યોજાયેલ અંતિમયાત્રામાં દોઢથી બે લાખની જનમેદની એકત્ર થઈ હતી અને શહેરની તમામ બજારો સ્વયભં બંધ રહી હતી અને વિશાળ જનમેદનીને ધ્યાને લઈને પોલીસ વિભાગ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સાવરકુંડલા શહેરનાં સુફીસંત દાદાબાપુ કાદરી ટૂંકાગાળાની બીમારીથી નાદુરસ્ત તબિયતનાં કારણે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. તા. ૧૩નાં તેમનું સારવાર દરમ્યાન નિધન થતાં સમસ્ત મુસ્લિમ સમાજમાં શોકનો માહોલ છવાયો હતો. માત્ર અમરેલી જ નહી પરંતુ રાયભરનાં મુસ્લિમ સમાજનું એક આસ્થાનું કેન્દ્ર સુસફ સંત દાદાબાપુ હતા. દાદાબાપુ ધ્વારા સૌથી પહેલા વ્યસન મુકિત ઝૂંબેશ શરૂ કરી હતી જેમાં એક લાખથી વધુ લોકોને વ્યસન મુકિત કાર્યક્રમ કરી હિન્દુ–મુસ્લિમ સમાજના અનેક લોકોને વ્યસનમાંથી મુકિત આપવી હતી. જેના કારણે સુફીસંત દાદાબાપુની લોકપ્રિયતા પણ એટલી જ વધી હતી. ઉપરાંત ભાવિ પેઢીને નવી રાહ ચીંધી શિક્ષણક્ષેત્રમાં સાવરકુંડલા શહેરમાં એક સંકુલ શરૂ કરવામાં આવ્યું હતું જે દાદાબાપુનાં નેતૃત્વ હેઠળ શિક્ષપક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં અનેક છેવાડાના પરિવારનાં વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે. ઉપરાંત કોમી એકતાના પ્રતીક કુરિવાજોને તીલાંજલી આપવા સતત પ્રયાસ હાથ ધરતા હતા સાથે આજ દિન સુધી પુરા ભારતમાં કોઈપણ મુસ્લિમ પીરે તરીકતે અગ્રણીઓએ ૫૦૦ ઉપર મસ્જીદ અને ૨૫૦ ઉપર મદ્રેસા નહિ બનાવ્યા તે આ દાદાબાપુ કાદરી ધ્વારા સર્વેના સહકારથી બનાવ્યા હતા જેના કારણે સમસ્ત મુસ્લિમ સમાજ શોકમાં ગરકાવ થયો છે.

બુધવારે મોડી સાંજે સાવરકુંડલા શહેરનાં મુખ્ય બજાર નાવલીમાંથી અંતિમયાત્રા નીકળી હતી. જેમાં અમરેલી જિલ્લાનાં સહિત ગુજરાતમાંથી સૈયદ દાદાબાપુનાં અંતિમ દર્શન કરવા માટે મોટી મેદની ઉમટી પડી હતી. હિન્દુ–મુસ્લિમ સમાજનાં ધંધા રોજગાર પણ બંધ જોવા મળ્યા હતા અને સાવરકુંડલાના તમામ એસોસીએશન ધ્વારા બંધને ટેકો આપેલ હતો.


## ખિરાજે અકીદત
(શ્રધ્ધાંજંલિ)




સૈયદી સરકાર દાદાબાપુ કાદરી ફાતીમી

ગુજરાતમાં શિક્ષણ અને સામાજીક ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપનાર
હઝરત સૈયદ દાદાબાપુ કાદરી ફાતીમી
આ ફાની દુનિયાથી પરદો કરી અલ્લાહ ત્આલાની રેહમતમાં પહોંચી ગયા છે.
અલ્લાહ પાસે દુઆ છે કે સરકારને જન્નતુલ ફિરદૌષમાં આલાથી આલા
મકામ અતા કરે તેમના દરજાત બુલંદ કરે અને તેમના સદકા માં
આપણી મગફીરત કરે. આમીન..

ધનશ્યામભાઈ ડોબરીયા
(ભાજપ અગ્રણી- સા.કુંડલા)





ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,100/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો 95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી • પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/જોડકાપણની સોનોગ્રાફી,
• ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
• વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
• લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અધતન NICU
• આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
• જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324



## ખિરાજે અકીદત



સૈયદી સરકાર દાદાબાપુ કાદરી ફાતીમી

ગુજરાતમાં શિક્ષણ અને સામાજીક ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપનાર
હઝરત સૈયદ દાદાબાપુ કાદરી ફાતીમી
આ ફાની દુનિયાથી પરદો કરી અલ્લાહ ત્આલાની રેહમતમાં પહોંચી ગયા છે.
અલ્લાહ પાસે દુઆ છે કે સરકારને જન્નતુલ ફિરદૌષમાં આલાથી આલા
મકામ અતા કરે તેમના દરજાત બુલંદ કરે અને તેમના સદકા માં
આપણી મગફીરત કરે. આમીન..

સલીમભાઈ અગવાન – પ્રમુખ
રહીમભાઈ પંછીરાજ – ઉપપ્રમુખ
રહીમભાઈ અજમેરી – ઉપપ્રમુખ
આરીફભાઈ મેતર – મંત્રી
શબ્બીરભાઈ વાળા – મંત્રી
તમામ ટ્રસ્ટીઓ. સુન્ની મુસ્લિમ જમાત – બાબરા


*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)